# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika




વર્ષ : ૦૨ ૨૦૨૫ : ફેબ્રુઆરી

અંક : ૦૨



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન – ૦૨૬૯૨-૨૪૪૨૧૨

શ્રી આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા તા. ૧૯-૧૨-૨૫ અમાસના દિવસે દાનપુણ્યનું મહત્વ અનેક ઘણું હોય છે. આ માટે સર્વે કારોબારી સભ્ય બહેનો તથા મંડળની સભ્ય બહેનો દ્વારા સાથ-સહકારથી ચરોતર પંથક આણંદ સ્થિત "મહિપતસિંહ વૃદ્ધાશ્રમ", "ધરતીનો છેડો ઘર" ખાતે "દિપયજ્ઞ"નું આયોજન કરેલ. જેમાં સર્વે મા-બાપ સમાન વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરી. દાતાશ્રીઓના યથાશક્તિ યોગદાન દ્વારા સર્વે ૬૫ વડીલોને ગરમ બ્લેન્કેટ ઓઢાડી સન્માન કર્યું તથા અન્ય ૨૫ બ્લેન્કેટ પ્રથમ સમુહ લગ્નની મા-બાપ વિહોણી દિકરીઓને આપવામાં આવેલ તથા વડીલોના અન્નક્ષેત્ર માટે તેલના ડબ્બા, તુવેરદાળ, મગદાળ, ચોખા, ગોળ, મગ વગેરે સાથે વડીલો માટે બપોરે ચા-નાસ્તા માટે પણ દિપયજ્ઞના કાર્યક્રમમાં બાજખેડાવાળ મંડળ તરફથી ઉમદા કાર્ય માટે ઉદારતાથી યોગદાન આપનાર સર્વે દાતાશ્રીઓનો મળેલ સાથ-સહકાર માટે હૃદયપૂર્વક આભાર.

આ સાથે "મહિપતસિંહ ફાઉન્ડેશન"ના ઉમદા વિવિધ સેવાકીય કાર્યો માટે બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા સન્માન પુષ્પ અર્પણ કરવામાં આવેલ. મંડળના ઉપપ્રમુખ ગીતાબેન એચ. શુક્લના જન્મ દિવસ નિમિત્તે દિપયજ્ઞ દ્વારા વડીલોના આશીર્વાદ મેળવવા સર્વે બહેનોએ શુભેચ્છા પાઠવી. સન્માન પુણ્ય અર્પણ કરેલ.

હવે પછીના મંડળના અન્ય કાર્યક્રમ જનરલ મીટીંગ માર્ચ માસના છેલ્લા વીકમાં આયોજન કરવામાં આવશે જેની મહિલા મંડળના ગ્રુપમાંથી માહિતી મેળવી લેવી આપ સભ્ય બહેનોના સાથ-સહકાર માટે ખુબ ખુબ આભાર.

| | | |
|---|---|---|
| **પાયલબેન પી. દવે** | **ગીતાબેન એ. શુક્લ** | **રીટાબેન એમ.** |
| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** | **મંત્રી** |

**સર્વે કારોબારી સભ્ય બહેનો**

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ તથા સહયોગી સંસ્થાઓ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ અને શ્રી બાજખેડાવાળ મહિલા સમાજના સહયોગથી તા ૧૩-૧૪-૧૫ ફેબ્રુઆરીના રોજ ત્રિદિવસીય ૧૧ કુંડી મહારૂદ્રનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં કુલ ૨૭ યજમાનોએ ભાગ લીધો હતો. આ યજ્ઞનો પ્રારંભ તા. ૧૩-૨-૨૦૨૬ મહાવદ ૧૧ના દિવસે કરવામાં આવ્યો અને તેની પૂર્ણાહુતિ તા. ૧૫-૨-૨૦૨૬ મહાશિવરાત્રીના પાવન

અવસરે થયેલ. ખુબ જ સરસ રીતે મહાશિવરાત્રિના દિવસે પૂર્ણાહુતી દ્વારા સમાપન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય યજમાન હેતલકુમાર ભાસ્કરભાઇ ભટ્ટ અને તેમના પત્ની વૈશાલીબેન ભટ્ટ હતા. તેઓ દ્વારા દરેક યજમાનોને શિવલીંગ, નંદી, તાંબાનો નાગ, ડમરૂ તેમજ રૂદ્રાક્ષની માળા ભેટ આપવામાં આવી હતી.

મહારૂદ્ર આયોજક સમિતિ દ્વારા જ્ઞાતિજનો તરફથી મળેલ દાનમાંથી દરેક યજમાનોને ત્રણ દિવસના જુદા જુદા પિતાંબર આપવામાં આવ્યા હતા અને અગાઉ નક્કી કર્યા મુજબ બધા જ યજમાનોએ દરેક દિવસે એક સરખા પિતાંબર પહેરી પૂજામાં ભાગ લીધો હતો. ત્રણેય દિવસે આચાર્ય શ્રી સ્નેહલભાઈ દવે દ્વારા સવારના સેશનમાં વેદોક્ત પૂજા વિધી કરાવવામાં આવી હતી ત્યારબાદ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે હવન કાર્ય કરવામાં આવ્યુ ંહતું. તેમની ટીમના કુલ ૧૧ ગુરુદેવો સાથે હોમાત્મકરૂદ્રનુ સમાપન થયું હતું.

આ સમગ્ર યજ્ઞ દરમ્યાન સર્વે યજમાનો અને તેમના સ્નેહીજનોને સંસ્થા દ્વારા સુંદર ફરાળ તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ત્રિદિવસીય યજ્ઞમાં ભાગ લેનાર દરેક યજમાનને દેવાધિદેવ મહાદેવના પ્રત્યક્ષ આશીર્વાદ મળ્યા હોય તેવી અનુભૂતિ થઈ હતી. તા. ૧૪-૦૨-૨૦૨૬ શનિવારના રોજ રાત્રે મહેળાવ સ્થિત આપણા જ્ઞાતિબંધુ અને ભાગવત કથાકાર શ્રી પરિક્ષિતભાઈ દવે અને તેમના સાથીદારો દ્વારા સુંદરકાંડના પાઠ કરવામાં આવ્યા હતા. મહાશિવરાત્રીના દિવસે પૂર્ણાહૂતિના સમયે યજ્ઞમંડપમાં દેવાધિદેવ મહાદેવની સવારી નીકળી હતી અને સર્વ ઉપસ્થિત ભક્તજનો ભક્તિના રંગમાં રંગાયા હતા.

સર્વે કાર્યકરો દ્વારા દરેક યજમાની સગવડ સચવાઈ રહે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ ઉંમરલાયક વડીલોને નીચે બેસવામાં પડતી તકલીફોને ધ્યાનમાં રાખી સમગ્ર યજ્ઞ મંડપમાં બધા જ યજમાનોની બેઠક વ્યવસ્થાટેબલ ખુરશી ઉપર બેસાડી પુજા વિધિ કરવામાં આવી હતી આ ટેબલ પણ જ્ઞાતિ કાર્યકર પારસભાઈ જોષી દ્વારા સેવારૂપી લાવી આપવામા આવેલ હતા. જેને પૂજા અર્ચન સંપન્ન થયા બાદ નહી નફો નહી નુકશાનના હેતુથી જે પણ જ્ઞાતિજનોને લેવાની ઇચ્છા હતી તેઓને આપવામા આવ્યા હતા. આ અભિગમને દરેક યજમાનોએ બિરદાવી હતી અને આવી સુગમ અને એક સરખી બેઠક વ્યવસ્થાના કારણે સમગ્ર યજ્ઞમંડપ સુંદર દેખાતો હતો.

આ કાર્યક્રમને સફલ બનાવવા ત્રણે સંસ્થાના કાર્યકરો ખભે ખભો મિલાવી કાર્ય કરતા હતા. આ આયોજન એકલા હાથે થયી શકે તેમ નથી આ આયોજનમાં શ્રી પ્રાણશંકરભાઇ હોલના કાર્યકર્તા કમલેશભાઈ, તરલભાઈ, ઉદયભાઈ, રાજેશભાઈ ત્રિવેદી, અશ્વિનભાઈ શેલત, હિરેનભાઈ, રાજેષભાઈ, કિરીટભાઈ અમરીષભાઈ જેવા મંડળના કાર્યકરો તેમજ બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજના કાર્યકરો અશોકકાકા, શૈલેષભાઈ જોષી, સ્નેહલભાઈ, આશિકભાઈ, ભાવેશભાઈ, દિલીપભાઈ જેવા તમામ કાર્યકર્તા અને મહિલા સમાજના પ્રમુખ કાર્યકર બહેનો

અવનીબેન, દિપિકાબેન, છાયાબેન, જયશ્રીબેન જેવી અનેક મંડળની મહિલા બહેનોનો તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેઓનો નામ જોગ ઉલ્લેખ રહી ગયો હોય તેવા તમામ મહાનુભાવોના સંપૂર્ણ સહકાર, સહયોગ અને સતત હાજરીથી કાર્યક્રમ ઘોડાસરના જોગષ પાર્કની સામેના મેદાનમાં ત્રિદિવસીય મહારૂદ્ર સફળ થઈ શક્યો. શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ દ્વારા ત્રણે સંસ્થાના દરેક કાર્યકરોને સુંદર શિવલીંગ અને રૂદ્રાક્ષની માળા ભેટ આપવામાં આવી હતી.

ખર્ચની દૃષ્ટિએ જોવા જઈએ તો ખુબ જ અઘરૂ લાગે તેવી પરિસ્થિતિમાં પણ જ્ઞાતિજનોએ આ ધાર્મિક પ્રવૃતિમાં પણ સતત સંસ્થાની સાથેને સાથે પોતાનું ઉમદા આર્થિક યોગદાન આપીને ખુબ જ ખુબ જ સહકાર આપી સહેજ પણ કચાશ રાખ્યા વગર સુંદર સહયોગ અને સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનો સિંહફાળો આપી પોતાના ઘરના પ્રસંગની જેમ જ કાર્યક્રમ પાર પાડ્યો હતો. આ મેદાનમાં નતો લાઈટ હતી ન તો પાણી હતું તેમ છતાં પણ કાર્યકરોની સતત હાજરી અને કામ કરવાની ધગશ ને કારણે જંગલમા મંગલ જેવુ આયોજન પાર પાડવામાં આવ્યુ હતું.

આવુ આયોજન વર્ષો પહેલા અતિરૂદ્ર સ્વ. શ્રી અશોક જયંતીલાલ ભટ્ટ (રીટા. ડી.વાય.એસ.પી.) અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યુ હતું. ત્યાર પછી આવો મોટો ત્રિદિવસીય મહારૂદ્ર આશરે ૨૫ વર્ષ પછી સફળતાપૂર્વક કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના રાજ્યકક્ષાના મંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર શ્રી પ્રતિભાબેન જૈન આપણા લોકલાડીલા મણિનગરના ધારાસભ્ય અને સંસ્થાના ટ્રસ્ટી શ્રી અમુલભાઇ ભટ્ટ સતત સનાતન ધર્મને વાચા આપી રહેલ આર. કે. ચતુર્વેદીની ઉપસ્થિતિ અને તેમના દ્વારા કરવામાં આવેલી આરતી એ કાર્યક્રમને ખુબ જ ઉત્સાહીત અને સંસ્કૃતિને વાચા આપનાર બનાવી દીધો હતો. આ કાર્યક્રમ “ન ભુતો ન ભવિષ્ય” જેવો બની ગયો હતો. જ્ઞાતિજનો પણ ત્રણે દિવસ સતત હાજર રહી કાર્યકરોના ઉત્સાહમાં ઉમેરો કરતા જોવા મળ્યા હતા અને ત્રણે દિવસ પ્રસાદીનો ઉત્સાહ પણ અનેરો જોવા મળતો હતો જ્ઞાતિજનો એ ત્રણે દિવસ પોતાનુ આર્થિક યોગદાન આપી કાર્યકરોની ચિંતા મુક્ત કરતા જોવા મળી રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ યજમાનશ્રીઓ, દાતાશ્રીઓ, ગુરુદેવો તથા જ્ઞાતિજનો અને તમામ સહયોગી સંસ્થાના કાર્યકરશ્રીઓ વિશાળ મેદાન આપનાર શ્રી હરીશભાઈ પટેલ અન્ય તમામ સહયોગ આપનાર સૌનો સંસ્થા અને કાર્યકરો વતી અને મહારૂદ્ર આયોજક સમિતિવતી હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર માનુ છું.

**કમલેશ જે. ભટ્ટ**
**પ્રમુખ**

**ઉદયભાઈ ભટ્ટ / સંજય ત્રિવેદી**
**મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ – નડીઆદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ.
(મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સમુહ જનોઈ તા. ૨૧–૨–૨૬ થી ૨૩–૨–૨૬ સુધી રાખેલ હતી. માતાજીની સ્થાપના તથા જનોઈવિધી શ્રીમાન સ્નેહલભાઈ દવે દ્વારા કરવામાં આવે છે. બીજે દીવસે માતાજીના નૈવેદ્ય ધરાવી સૌ જમીને છૂટા પડ્યા. ત્રીજે દિવસે માતાજીને વળાવવાની વિધી કરી આનંદવિભોર થયા.

દાતાઓના સહયોગ તથા મહિલા સમાજની બહેનોના અથાગ મહેનતથી ૨૩ વર્ષ પૂર્ણ કર્યા છે. દર વર્ષના નૈવેદ્યના દાતા

(૧) અ.સૌ. સ્વ. આનંદગોરી હસમુખભાઈ મહેતા હસ્તે દીનેશભાઈ + હિતેશભાઈ (૨) દર વર્ષે નૈવેદ્ય બનાવવાની સેવા ગં.સ્વ. અલકાબેન જી. દેસાઈ આપે છે.

દાન ભેટ (૧) પ્રકાશભાઈ દવે તરફથી રૂ. ૫૦૦૦/– (૨) અંજનાબેન જગદીશભાઈ દવે તરફથી રૂ. ૧૧૧૧/– (3) દિપકભાઈ બી. દવે રૂ. ૫૦૦/– (૪) રાજુલબેન ભટ્ટ રૂ. ૫૦૦/– (૫) નિલાબેન રાજેન્દ્રકુમાર ભટ્ટ હિંમતનગર મહિલા મંડળ બ્રહ્મ સમાજ તરફથી રૂ. ૫૦૦/– (૬) દેવાંગ વસંતભાઈ ડોળીયા રૂ. ૧૦૦૧/– (૭) દક્ષૂોન કૃષ્ણકાંત દવે રૂ. ૧૦૦૦/– (૮) ભૂપેન્દ્રભાઈ હરિભાઈ દવે રૂ. ૫૦૧/– (૯) સ્વ. સુવર્ણાબેન રામનારાયણ જોષી હસ્તે દિનેશભાઈ રામનારાયણ જોષી રૂ. ૫૦૧/– (૧૦) નિર્મળાબેન મનુભાઈ દવે રૂ. ૫૦૦/– (૧૧) મૌલિકભાઈ વિષ્ણુપ્રસાદ દવે રૂ. ૫૦૦૦/– (૧૨) સૃષ્ટી કે. દવે (યુ.એસ.એ.) તેજલ પી. દવે (યુ.કે.) હસ્તે પ્રકાશ દવે (પિતાંબર + સાફો + ૫૦ રૂા. રોકડા) (૧૩) કમલેશકુમાર જોષી તથા કૃષ્ણાલ ભટ્ટ તરફથી સ્ટેશનરી કીટ (૧૪) વ્રજ રશ્મીનકુમાર દવે – સ્ટીલની કઢાઈ (૧૫) ભાવના જી. ઠાકર રૂ. ૧૦૦નું કવર (૧૬) ભાવનાબેન શુકલ – વેષ્ટી દરેક બટુકને (૧૭) હરિશભાઈ મહેતા રૂ. ૧૦૦નું કવર (૧૮) જયેશભાઈ શેલત – પિંતળની દિવી (૧૯) અસ્મીતા આર. દવે – દંડ (૨૦) ગૌરાંગભાઈ ઈન્દ્રવદન જોષી – પિતળની દીવી + ઘંટડી (૨૧) શૌમીન વસંતભાઈ ડોળીયા – સ્ટીલના વાડકા (૨૨) હિતેશ અરૂણકુમાર દવે રૂ. ૧૦૦ રોકડા (૨૩) સ્નેહલ યુ. દવે (ગુરૂદેવ) રૂ. ૧૦૦૦/– (૨૪) હરિશભાઈ તરફથી – પાણીના જગ (૨૫) ભાવનાબેન ઠાકર તરફથી રૂ. ૧૦૦૦૦/– આ સાથે જનોઈનો પ્રસંગ કરીને છૂટા પડ્યા.

**અંજનાબેન દવે** — **કોમલ દવે**
**પ્રમુખ** — **મંત્રીશ્રી**

# શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ-૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

## અન્નપૂર્ણા સહાય યોજના

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત અમારી સંસ્થા ઉમરેઠ-ડાકોર સ્થિત જ્ઞાતિના જરૂરીયાતમંદ ભાઈ-બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન-ફંડ મળતું રહે છે. આ મહિને આ યાદી નીચે મુજબ છે. (૧) શ્રી કીન્નરીબેન પંડ્યા રૂ. ૫૦૦૦/- (૨) શ્રી શોભાબેન ભટ્ટ રૂ. ૧૦૦૦/- (૩) શ્રી બી. વાય. જોષી રૂ. ૧,૨૦,૦૦૦/- (૪) શ્રી ઉર્વશીબેન એ. પંડ્યા રૂ. ૨૫૦૦૦/- (૫) ચિ. કવીત તથા ચિ. હરવીત રૂ. ૧૧૦૦૦/-

## હેલ્થ કેર સેમીનાર

આગામી તા. ૧૦-૦૫-૨૦૨૬ના રોજ રવિવારે મહિલાઓની હેલ્થને લગતા એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે જે મહિલાઓને આ સેમીનારમાં ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે તૃપ્તીબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧, જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨ પોતાના નામ નોંધાવી દેશો.

## ગંગા પૂજન

ઘણા સમયથી ગંગાપૂજનની ધાર્મિકવિધી માટે ઘમા જ્ઞાતિજનની પૂછપરછ હતી. તેથી આગામી તા. ૨૫-૫-૨૦૨૬ને સોમવારના રોજ ગંગા દશહરાએ આ ધાર્મિકવિધીનું આયોજન કરેલ છે. જેમને આ વિધીમાં ભાગ લેવાની ઈચ્છા હોય તે ઉપરોક્ત મોબાઈલ નંબર પર પોતાના નામ નોંધાવી દેશો વધુ માહિતી માટે ૯૩૨૮૨૩૦૬૭૦ ભોપીબેન ભટ્ટને ફોન કરીને સંપર્ક કરવો.


ડાન્સ કોમ્પીટીશન

તા. ૦૭-૦૬-૨૦૨૬ રવિવારના રોજ દર વર્ષની જેમ જ આ વર્ષે પણ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરેલું છે. તો જ્ઞાતિના બાળકો, યુવક-યુવતીઓ તથા મહિલાઓને આ કોમ્પીટીશનમાં ભાગ લેવાની ઈચ્છા હોય તો ઉપરોક્ત મોબાઈલ નંબર પર પોતાના નામ અને અન્ય વિગત નોંધાવી દેશો. ગુજરાતના બધા શહેરોના જ્ઞાતિજનો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સમય - બપોરે ૧.૩૦ થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી ૭.૩૦ ભોજન સમારંભ

**દર્શનાબેન ભટ્ટ**
**પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ**
**મંત્રીશ્રી**

| | | |
|---|---|---|
| Name | : | Ku. Sneh Dharmesh Bhatt |
| Height | : | 5’-5’’ |
| Weight | : | 56 Kg. |
| Birth Date | : | 30-11-1995 |
| Birth Time | : | 08.28 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | Master In Development Communication (MDC) |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Ahmedabad |
| Mother Name | : | Margi Bhatt |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Mrs. Jyotsanaben Arunbhai Thaker-Bharuch |
| Father | : | Dharmesh Khushvadan Bhatt |
| Address | : | A-13, Shiv Tower, Satellite, Ahmedabad-380015 |
| Phone No. | : | 079-26925933 |
| Mobile No. | : | 9825711197 (Mother), 9408080808 (Father) |
| E-mail | : | dharmeshkbhatt@yahoo.co.in |
| Contact | : | Dharmesh Bhatt |
| Address | : | ISRO, Ahmedabad, Group Director |
| Phone | : | 9825711197 (Mother), 9408080808 (Father) |
| Choice | : | Well Educated, Cultured, Well-Settled |
| Note | : | Sneh’s First Marriage Was Dissolved (Divorced) In an Extremely Short Time |
| Gotra | : | Lankanas |
| Nakshatra | : | Purva Bhadrapad |
| Rashi | : | Kumbh |
| Nadi | : | Aadhya |
| Gan | : | Manushya |
| Varna | : | Shudra |
| Yoni | : | Simha |
| Varg | : | Manav |




નામ : કુ. કૃપા શેલત    ઊંચાઇ : ૫'–૫''    વજન : ૬૦ કિલો

જન્મતારીખ : ૭/૮–૦૭–૧૯૯૪    જન્મસ્થળ : આણંદ    જન્મસમય : ૦૦.૨૫ સવારે

અભ્યાસ : એમ.બી.એ. ફાયનાન્સ

મૂળવતન : –    વ્યવસાય : –

માસિક આવક : /–




ગોત્ર : ઉપમન્યસ

રાશિ : મીથુન

નક્ષત્ર : આદ્રા

નાડી : આધ્ય

માતાનું નામ : હેમાબેન શેલત

ભાઈ/બહેન : –

પિતાનું નામ : તુષારભાઈ શેલત

સરનામું : શ્રીજી ફળીયું, ટાવર બજાર, અશોક સ્થંભ પાસે, આણંદ

ફોન/મોબાઈલ : ૯૮૭૯૧૨૮૯૨૬, ૭૦૬૯૮૧૨૬૬૪

---


નામ : કુ. સાક્ષી નિમેશકુમાર ત્રિવેદી    ઊંચાઇ : ૫'–૭''    વજન : ૫૭ કિલો

જન્મતારીખ : ૨૦–૦૬–૨003    જન્મસ્થળ : અમદાવાદ    જન્મસમય : ૧૨.૪૫ બપોરે

અભ્યાસ : એમ.એમ. વીથ ઈકોનોમિક્સ, ઈગ્લીંસ મીડીયમ,એપેરલ–જી.પી.એસ.સી.

મૂળવતન : મોરડ, તા. પેટલાદ    વ્યવસાય : –

માસિક આવક : –




ગોત્ર : શાંડીલસ

રાશિ : કુંભ

નક્ષત્ર : શતતારા–૪

નાડી : આધ્ય

માતાનું નામ : શેતલબેન એન. ત્રિવેદી


ભાઈ/બહેન : ૧–ભાઈ–અભ્યાસ

પિતાનું નામ : નિમેશકુમાર ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી

સરનામું : ગંગોત્રી બંગલો, નગરપાલિકા સામે, નાનાબજાર, તા. જી. આણંદ


ફોન/મોબાઈલ : ૭૫૭૩૦૨૪૬૨૪ (માતા), ૯૯૨૪૯૦૦૬૧૧ (પિતા)

નામ : કુ. દેવાંશી મિતેશકુમાર ત્રિવેદી ઊંચાઈ : ૫'–૧'' વજન : ૫૮ કિલો
જન્મતારીખ : ૧૫–૦૯–૨૦૦૦ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૧૧.૨૫ રાત્રે
અભ્યાસ : એમ.એસ.સી., ફુડ સાયન્સ્ય એન્ડ ક્વોલીટી કેન્ટ્રોલ – લંડન
મૂળવતન : મોરડ વ્યવસાય : –
માસિક આવક : –
ગોત્ર : શાંડીલસ
રાશિ : મીન
નક્ષત્ર : રેવતી
નાડી : અંત્ય
માતાનું નામ : શિતલબેન એમ. ત્રિવેદી
ભાઈ/બહેન : –
પિતાનું નામ : મિતેશકુમાર ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી
સરનામું : એફ–૧૦૨, પ્રાર્થન વિહાર કોમ્પલેક્ષ, પંચાલ હોલ નજીક,
વિદ્યાનગર–આણંદ રોડ, આણંદ–૩૮૮૦૦૧
ફોન/મોબાઈલ : ૯૮૨૪૦૯૬૯૧૫ (માતા), ૯૮૨૪૩૯૬૯૧૪ (પિતા)





---

નામ : કુ. ઋત્વી દર્શકકુમાર ભટ્ટ ઊંચાઈ : ૫'–૮'' વજન : ૭૫ કિલો
જન્મતારીખ : ૨૫–૦૨–૨૦૦૦ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : –
અભ્યાસ : એમ.બી.એ. ફાઈનાન્સ
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
માસિક આવક : –
ગોત્ર : ચિત્રાણસ
રાશિ : તુલા
નક્ષત્ર : વિશાખા
નાડી : તુલા
માતાનું નામ : દિપલ દર્શકકુમાર ભટ્ટ
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : દર્શક જયેન્દ્ર ભટ્ટ
સરનામું : ડી–૨૦૪, કનકકલા–૧, સીમા હોલ સામે, ૧૦૦ ફૂટ,
આનંદનગર રોડ, અમદાવાદ–૩૮૦૦૧૫
ફોન/મોબાઈલ : ૯૦૯૯૬૩૬૭૧૭, ૯૪૦૯૩૭૭૨૭૮




| | | |
|---|---|---|
| Name | : | Chi. Bhumit Maheshkumar Trivedi |
| Height | : | 5’-10’’ |
| Weight | : | 84 Kg. |
| Birth Date | : | 23-02-1998 |
| Birth Time | : | 09.00 p.m. |
| Birth Place | : | Nadiad |
| Education | : | BBA-ISM (SPU), TLM (CGP), PMT (CGP) |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Narsanda |
| Mother Name | : | Pritiben Maheshkumar Trivedi |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Late. Santuram Maganlal Thakar, Nadiad<br>(M) 9428490499 |
| Father | : | Maheshkumar Hariprasad Trivedi |
| Address | : | India-Near Jain Derasar, Narsanda Dist. Kheda<br>Canada - Toronto, Ontario, Canada |
| Phone No. | : | 9727391693 |
| Mobile No. | : | 9925520855 |
| E-mail | : | - |
| Phone | : | 9727391693, 9925520855 |
| Choice | : | Well Educated |
| Note | : | Canadian PR in Process,<br>He will be in India for next couple of moths |
| Gotra | : | Shandilas |
| Nakshatra | : | U.Ashad |
| Rashi | : | Dhanu |
| Nadi | : | Antya |
| Gan | : | Manushya |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Nkool |
| Varg | : | Undor |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. કર્તવ્ય રાજેશભાઈ દવે (યુ.એસ.એ.) |
| ઊંચાઈ | : | – |
| વજન | : | ૬૫ કિલો |
| જન્મ તારીખ | : | ૧૯–૦૧–૨૦૦૦ |
| જન્મ સમય | : | ૦૬.૦૦ સવારે |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| અભ્યાસ | : | બી.કોમ. |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | અવનીબેન દવે |
| ભાઈ/બહેન | : | ૧–મોટાભાઈ–પરણિત |
| મોસાળ | : | યોગેશ એસ. દવે – મામા – અમદાવાદ |
| પિતા | : | રાજેશભાઈ રામપ્રસાદ દવે |
| સરનામું | : | ૮–બી, રામેશ્વર એપાર્ટમેન્ટ–૧, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (ઈસ્ટ), અમદાવાદ–૮ |
| ફોન નં. | : | ૯૯૯૮૪૫૪૮૫૦ |
| મોબાઈલ નં. | : | – |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | અમેરીકા સ્થિત અથવા ત્યાં રહેવા માટે તૈયાર હોય તેવી કન્યા |
| નોંધ | : | – |


| | | |
|---|---|---|
| ગોત્ર | : | સામાનસ |
| નક્ષત્ર | : | મૃગશીર્ષ |
| રાશિ | : | મિથુન |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | શુદ્ર |
| યોનિ | : | સર્પ |
| વર્ગ | : | માર્જર |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Mrugen Bhavesh Joshi |
| Height | : | 5’-11’’ |
| Weight | : | 76 Kg. |
| Birth Date | : | 09-12-1998 |
| Birth Time | : | 07.08 p.m. |
| Birth Place | : | Mumbai |
| Education | : | M.B.B.S. |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 1,00,000/- |
| Native Place | : | Ahmedabad |
| Mother Name | : | Anjana B. Joshi |
| Borther/Sisters | : | - |
| Maternal Place | : | Mumbai |
| Father | : | Bhavesh Ramchandra Joshi |
| Address | : | 30, Shivam Soc., Nr. Vriundavan Society, Maninagar, Ahmedabad-380008 |
| Phone No. | : | 9974925943 |
| Mobile No. | : | - |
| E-mail | : | bhaveshjoshi1974@gmail.com |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | 9998430223 |
| Choice | : | Prof. Doctor / Well Educated |
| Note | : | - |
| Gotra | : | Angiras |
| Nakshatra | : | Magha |
| Rashi | : | Sinh |
| Nadi | : | Antya |
| Gan | : | Rakshash |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Mushak |
| Varg | : | Mushak |



| | |
|---|---|
| Name | : Chi. Devarshi Deval Thaker |
| Height | : 5’-5’’ |
| Weight | : 65 Kg. |
| Birth Date | : 08-02-2000 |
| Birth Time | : 08.54 p.m. |
| Birth Place | : Surat |
| Education | : Bachelor of Boilogical Science |
| Profession | : Job |
| Monthly Income | : 50,000 Doller Per Year |
| Native Place | : Salun |
| Mother Name | : Nalini Deval Thaker |
| Borther/Sisters | : 1-Sister-Married |
| Maternal Place | : Rajendra Harilal Pandya (M) 9898345717 |
| Father | : Deval Dinkarray Thaker |
| Address | : 978, Parkhill Circle, Aurora, IL, Chicago-60502 U.S.A. |
| Phone No. | : (+1) 331 262 1593 (Nalini Thaker) |
| Mobile No. | : - |
| E-mail | : devalthaker29@gmail.com |
| Contact | : - |
| Address | : - |
| Phone | : - |
| Choice | : Green Card, U.S. Citizenship in 2027 |
| Note | : - |
| Gotra | : Ushnas |
| Nakshatra | : PurvaBhadrapad |
| Rashi | : Pisces |
| Nadi | : Adhya |
| Gan | : Manushya |
| Varna | : Vipra |
| Yoni | : Sinh |
| Varg | : Sarp |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Akash Deepak Dave |
| Height | : | 5’-11’’ |
| Weight | : | 105 Kg. |
| Birth Date | : | 29-07-1994 |
| Birth Time | : | 05.45 p.m. |
| Birth Place | : | Mumbai (Borivali) |
| Education | : | B.E. Electronics (Mumbai University) |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 20,15,460/- |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Geeta Deepak Dave |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Puspaben V. Bhatt (Borivali) |
| Father | : | Deepak Pramodrai Dave |
| Address | : | A/2, Shreenath Krupa, Opp. Swagat Hall, Kasturba Road No. 5, Borvali (E), Mumbai-400066 |
| Phone No. | : | 9223238531 |
| Mobile No. | : | - |
| E-mail | : | akashdave297@gmail.com |
| Contact | : | Geeta D. Dave |
| Address | : | - |
| Phone | : | 9137305792 |
| Choice | : | Playing Cricket, Travel and Exploration New Place |
| Note | : | - |
| Gotra | : | Chitranashya |
| Nakshatra | : | Ashwini |
| Rashi | : | Aries (Mesh) |
| Nadi | : | Adhya |
| Gan | : | Dev |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Ashva |
| Varg | : | Leo (Singh) |



અમદાવાદ જતી એસ.ટી. બસ સ્ટેન્ડ પર ઊભી હતી. સવારનો સમય હતો, હવામાં હજુ ઠંડક પ્રસરેલી હતી. મુસાફરો પોતપોતાની બેગ લઈને ઉતાવળમાં બસમાં ચડી રહ્યા હતા. કંડક્ટર સીતાબેન પોતાની સીટ પર બેસીને ટિકિટ મશીન તપાસી રહ્યા હતા. સીતાબેન શિસ્તના આગ્રહી પણ દિલના ખૂબ ભોળા હતા. વર્ષોની નોકરીએ એમને માણસ પારખવાની શક્તિ આપી દીધી હતી. બસ ઉપડવાની તૈયારી જ હતી ત્યાં જ એક વૃદ્ધ ફકીર ધીમા પગલે બસના દરવાજા પાસે આવીને ઉભા રહ્યા. ખભે એક ફાટેલી થેલી, માથે સફેદ વીંટેલું કપડું અને આંખોમાં એક વિચિત્ર શાંતિ. તેમણે સીતાબેન સામે જોયું અને ધ્રૂજતા અવાજે પૂછ્યું, બેટા, આ બસ અમદાવાદ જશે?

સીતાબેને નજર ઉંચી કરીને જોયું. ફકીરના કપડાં જૂના હતા, પણ એકદમ સાફ હતા. સીતાબેને નમ્રતાથી જવાબ આપ્યો, હા બાબા, આ અમદાવાદ જ જશે. ચડી જાઓ.

ફકીર બસમાં ચડ્યા, પણ તેમની પાસે બેસવા માટે કોઈ ખાસ જગ્યા નહોતી. બસ લગભગ ભરાઈ ગઈ હતી. છેવટે તેઓ એક ખૂણાની સીટ પર બેઠા. સીતાબેન ટિકિટ કાપવા માટે તેમની પાસે આવ્યા. બાબા, ક્યાં સુધીની ટિકિટ જોઈએ? ફકીરે પોતાની થેલીમાં હાથ નાખ્યો. તે કંઈક શોધી રહ્યા હતા, પણ તેમનો ખાલી હાથ બહાર આવ્યો. તેમની આંખોમાં અચાનક ગભરાટ દેખાયો. તેમણે ફરીથી થેલી ફંફોરી, ખિસ્સા તપાસ્યા, પણ કદાચ જે શોધતા હતા તે મળતું નહોતું. આસપાસના મુસાફરો આ જોઈ રહ્યા હતા. કોઈના ચહેરા પર કંટાળો હતો, તો કોઈના ચહેરા પર શંકા. બેટા... ફકીરનો અવાજ ફાટી ગયો. મારી પાસે પૈસા હતા, પણ કદાચ ક્યાંક પડી ગયા છે. મારે અમદાવાદ પહોંચવું બહુ જરૂરી છે. ત્યાં હોસ્પિટલમાં... એમની વાત પૂરી થાય તે પહેલા જ પાછળ બેઠેલા એક ભાઈ બોલી ઉઠ્યા, અરે બાબા, આ રોજનું નાટક છે. દર વખતે કોઈને કોઈ બહાનું કાઢીને મફતમાં મુસાફરી કરવી હોય છે. કંડક્ટર બહેન, એમને નીચે ઉતારો, ખોટો સમય બગાડો નહીં. સીતાબેન શાંત રહ્યા. તેમણે ફકીરની આંખોમાં જોયું. ત્યાં જૂઠ નહીં, પણ લાચારી હતી. ફકીરની આંખો ભીની થઈ ગઈ હતી. તેમણે ધ્રૂજતા હાથે પોતાની થેલીમાંથી એક નાનકડી ડાયરી કાઢી અને સીતાબેનને બતાવી. એમાં એક નાની બાળકીનો ફોટો હતો અને પાછળ હોસ્પિટલનું સરનામું લખેલું હતું.

મારી પૌત્રી ત્યાં છે... એનો છેલ્લો સમય છે...ફકીર ડૂસકું ભરી ગયા. આખી બસમાં સન્નાટો છવાઈ ગયો. પેલા કટાક્ષ કરનાર ભાઈએ પણ નજર નીચી કરી લીધી. સીતાબેનનું હૃદય દ્રવી ઉઠ્યું. નિયમ મુજબ તો ટિકિટ વગર મુસાફરી ન કરાવાય, પણ આજે ફરજ અને માનવતા વચ્ચે યુદ્ધ હતું. સીતાબેને કંઈક વિચાર્યું અને મશીનમાંથી ટિકિટ ફાડી.

બાબા, તમારી ટિકિટ આ રહી, સીતાબેને હસતા મુખે કહ્યું.

ફકીરે નવાઈ પામીને પૂછ્યું, પણ બેટા, મારી પાસે તો પૈસા નથી. સીતાબેને ધીમેથી ફકીરના હાથમાં ટિકિટ મૂકી અને કહ્યું, તમારા પૈસા આવી ગયા છે બાબા. તમે શાંતિથી બેસો, તમે તમારી પૌત્રીને ચોક્કસ મળશો. બસ હવે હાઈવે પર દોડી રહી હતી. આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાવા લાગ્યા હતા અને જોતજોતામાં મુસળધાર વરસાદ તૂટી પડ્યો. બસના કાચ પર પાણીની રેલમછેલ થવા લાગી. સીતાબેન પોતાની સીટ પર બેસીને વિચારતા હતા કે તેમણે

ફકીરની ટિકિટના પૈસા પોતાના ખિસ્સામાંથી ભરી તો દીધા, પણ શું આ વૃદ્ધ માણસ ખરેખર સમયસર પહોંચી શકશે? બસમાં એક પ્રકારની વિચિત્ર શાંતિ હતી, જે માત્ર વરસાદના અવાજથી ભંગ થતી હતી. અચાનક, એક જોરદાર ધડાકો થયો અને બસ ડ્રાઈવરે પૂરી તાકાતથી બ્રેક મારી. બધા મુસાફરો આગળની તરફ ઝૂકી ગયા. બસ એક બાજુ નમી ગઈ હતી. શું થયું સાવંતભાઈ? સીતાબેને ગભરાઈને ડ્રાઈવરને પૂછ્યું. ડ્રાઈવરે પરસેવો લૂછતા કહ્યું. બેન, ટાયર ફાટ્યું લાગે છે અને રસ્તો બહુ લપસણો છે. આગળ જુઓ, ભેખડ ધસી પડી છે. બસ રસ્તાની એક બાજુએ ઉભી રહી ગઈ. બહાર જોયું તો રસ્તા પર મોટો પથ્થર પડ્યો હતો અને રસ્તો બંધ થઈ ગયો હતો. વરસાદ રોકાવાનું નામ નહોતો લેતો. મુસાફરોમાં ગભરાટ ફેલાયો. હવે શું થશે? આપણે અહીં ફસાઈ ગયા છીએ, લોકો બૂમાબૂમ કરવા લાગ્યા. સીતાબેને બધાને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો, પણ તેમની નજર પેલા ફકીર પર ગઈ. ફકીર બિલકુલ શાંત હતા. તેમની આંખો બંધ હતી અને હોઠ પર કંઈક મંત્ર જેવું ચાલતું હતું. પેલા મુસાફર જેણે ફકીરનું અપમાન કર્યું હતું, તે અત્યારે સૌથી વધુ ગભરાયેલા હતા. અચાનક તે ભાઈને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. તેમનો ચહેરો ફિક્કો પડી ગયો અને તેઓ પોતાની છાતી પકડીને સીટ પરથી નીચે ઢળી પડ્યા. કોઈ ડોક્ટર છે? જલ્દી મદદ કરો, આ ભાઈને હાર્ટ એટેક આવ્યો લાગે છે. કોઈકે બૂમ પાડી. બસમાં અફરાતફરી મચી ગઈ. સીતાબેન તેની પાસે દોડી ગયા, પણ કોઈને સમજાતું નહોતું કે શું કરવું. એમ્બ્યુલન્સ આવવી અશક્ય હતી કારણ કે રસ્તો બંધ હતો અને નેટવર્ક પણ નહોતું. એ વ્યક્તિની હાલત મિનિટે મિનિટે બગડતી જતી હતી. ત્યારે જ, શાંતિથી બેઠેલા ફકીર ઉભા થયા. તેઓ ધીમા ડગલે પેલા બીમાર વ્યક્તિ પાસે આવ્યા. લોકોએ તેમને રસ્તો આપ્યો. ફકીરે પોતાની જૂની થેલીમાંથી એક નાની લાકડાની ડબ્બી કાઢી. તેમાં કંઈક ભસ્મ જેવું હતું. તેમણે એ ભસ્મ પેલા ભાઈના કપાળ પર લગાવી અને તેમના કાનમાં કંઈક ધીમેથી કહ્યું.

સીતાબેન આ બધું જોઈ રહ્યા હતા. ફકીરે એ વ્યક્તિના હાથની નાડ પકડી અને આંખો બંધ કરી. થોડી ક્ષણો માટે એવું લાગ્યું જાણે બસમાં સમય થંભી ગયો હોય. અચાનક, પેલા ભાઈએ એક લાંબો શ્વાસ લીધો અને તેમની આંખો ખુલી. તેમનો ગભરાટ ઓછો થયો અને તેમના જીવમાં જીવ આવ્યો. બાબા... તમે... પેલા ભાઈના અવાજમાં પસ્તાવો હતો. ફકીરે માત્ર સ્મિત કર્યું અને કહ્યું, બેટા, જીવન અને મૃત્યુ તો ઉપરવાળાના હાથમાં છે. હું તો માત્ર નિમિત્ત છું. સીતાબેનને હવે સમજાયું કે આ કોઈ સાધારણ ફકીર નથી. પણ પ્રશ્ન એ હતો કે, જો આ ફકીર પાસે આટલી શક્તિ હતી, તો તે પોતાની પૌત્રી માટે આટલા લાચાર કેમ હતા? અને તે અમદાવાદ કેમ જઈ રહ્યા હતા?

રસ્તો સાફ થવાની હજુ કોઈ નિશાની નહોતી, બસની અંદર વાતાવરણ ગંભીર હતું. પેલા ભાઈનો જીવ બચાવ્યા પછી ફકીર ફરી પોતાની સીટ પર જઈને શાંતિથી બેસી ગયા હતા. સીતાબેનનું મન માનવા તૈયાર નહોતું કે આ કોઈ સામાન્ય માણસ છે. જ્યારે ફકીર પાણી પીવા માટે ઉભા થયા, ત્યારે ભૂલથી તેમની થેલી નીચે પડી ગઈ અને તેમાંથી કેટલીક વસ્તુઓ બહાર વેરાઈ ગઈ.સીતાબેન તેમને મદદ કરવા માટે આગળ વધ્યા. તેમણે જમીન પર પડેલો એક જૂનો ફોટો અને એક સરકારી દસ્તાવેજ જોયો. જેવી સીતાબેને એ દસ્તાવેજ પર નજર નાખી,

તેમના હોશ ઉડી ગયા. એ દસ્તાવેજ પર લખ્યું હતું. નિવૃત્ત સિવિલ સર્જનઃ ડો. ઈશ્વરલાલ મહેતા. ફોટામાં એ જ ફકીર, સૂટ-બૂટમાં સજ્જ હતા અને તેમની બાજુમાં એક યુવાન કપલ ઉભું હતું. સીતાબેનના હાથ ધ્રૂજવા લાગ્યા. તેમણે ફકીર સામે જોયું. બાબા... તમે ડોક્ટર છો? આટલા મોટા સર્જન? તો પછી આ હાલત? ફકીરની આંખોમાં આંસુ આવી ગયા. તેમણે લાંબો નિસાસો નાખ્યો અને બોલ્યા, બેટા, નસીબની રમત બહુ અજીબ હોય છે. પાંચ વર્ષ પહેલા એક અકસ્માતમાં મેં મારા દીકરા અને વહુને ગુમાવ્યા. મારી પૌત્રી 'પરી' જ મારો એકમાત્ર સહારો હતી. તેની સારવારમાં મેં મારી બધી મિલકત, બંગલો અને બચત વાપરી નાખી. આજે હું રોડ પર આવી ગયો છું, પણ મને એનો અફસોસ નથી. અફસોસ એ છે કે આજે એ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલાં ખાય છે અને મારી પાસે ત્યાં પહોંચવા માટે બસની ટિકિટના પૈસા પણ નહોતા. આ સાંભળીને આખી બસમાં સન્નાટો છવાઈ ગયો. પેલા ભાઈ જેણે ફકીરનું અપમાન કર્યું હતું, તે રડવા લાગ્યા. તેમને સમજાયું કે જે માણસને તેઓ 'ભિખારી' સમજતા હતા, તે માણસે હજારો લોકોના જીવ બચાવ્યા હતા અને આજે પોતાની પૌત્રી માટે લાચાર હતો. અચાનક, બસની બહાર મોટો અવાજ થયો. જે ભેખડ ધસી પડી હતી, તેને હટાવવા માટે જેસીબી આવી ગયું હતું. ડ્રાઈવર સાવંતભાઈએ બૂમ પાડી, સીતાબેન, રસ્તો સાફ થઈ ગયો છે, પણ મુશ્કેલી એ છે કે આગળનો પુલ પાણીમાં ગરકાવ છે. આપણે જોખમ લેવું પડશે અથવા અહીં જ રોકાવું પડશે. ફકીરના ચહેરા પર ગભરાટ દેખાયો. બેટા, મારે જલ્દી પહોંચવું પડશે. ડોક્ટરે કહ્યું છે કે જો હું સાંજ સુધીમાં નહીં પહોંચું તો કદાચ હું પરીને છેલ્લી વાર પણ નહીં જોઈ શકું. સીતાબેને મક્કમતાથી ડ્રાઈવર સામે જોયું. સાવંતભાઈ, ગાડી હંકારો. આજે કુદરત આપણી કસોટી કરી રહી છે, પણ આપણે આ દાદાને એમની પૌત્રી પાસે પહોંચાડવા જ પડશે. બસ પાણીના પ્રવાહ વચ્ચેથી ધીરે ધીરે આગળ વધવા લાગી. મુસાફરો પણ હવે ફકીર માટે પ્રાર્થના કરવા લાગ્યા હતા. સીતાબેને ફકીરનો હાથ પકડ્યો અને આશ્વાસન આપ્યું. પણ ત્યારે જ, બસના એન્જિનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો. પાણી એન્જિનમાં ઘૂસી ગયું હતું. બસ વચ્ચે પુલ પર જ બંધ પડી ગઈ. ચારે બાજુ પાણીનો ધસમસતો પ્રવાહ અને વચ્ચે ફસાયેલી બસ. ફકીરની આંખોમાં લાચારીની ચરમસીમા હતી. બહાર નદીનું પાણી વધતું જતું હતું અને બસ અધવચ્ચે પુલ પર બંધ પડી ગઈ હતી. એન્જિન ઠપ થઈ ગયું હતું. મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ. ફકીર ઉર્ફે ડો. ઈશ્વરલાલ બારીની બહાર જોતા હતા, તેમની આંખોમાંથી વહેતા આંસુ વરસાદના પાણી સાથે ભળી રહ્યા હતા. તેમને પોતાની ચિંતા નહોતી, પણ હોસ્પિટલમાં ઘડીઓ ગણતી 'પરી'નો ચહેરો નજર સામે તરવરતો હતો.

સીતાબેન, હવે શું થશે? ડ્રાઈવર સાવંતભાઈનો અવાજ ગભરાયેલો હતો. જો પાણી હજુ વધશે તો બસ તણાઈ શકે છે. સીતાબેન એક પળ માટે ધ્રૂજી ગયા, પણ પછી તેમણે ફકીર દાદાના ચહેરા પર રહેલી લાચારી જોઈ. તેમણે મનોમન નક્કી કરી લીધું કે આજે ગમે તે થાય, આ વૃદ્ધની આશા તૂટવા નહીં દે. સીતાબેને બસની વચ્ચે ઉભા રહીને મુસાફરોને સંબોધ્યા, ભાઈઓ અને બહેનો. આજે આપણી સામે બે રસ્તા છે. કાં તો આપણે ડરીને અહીં જ બેસી રહીએ, અથવા આપણે ભેગા મળીને આ દાદાને અને આપણી જાતને બચાવીએ. આ દાદાએ

હમણાં જ એક ભાઈનો જીવ બચાવ્યો છે, શું આપણે એમના માટે આટલું ન કરી શકીએ? સીતાબેનની વાતોએ મુસાફરોમાં જોશ ભરી દીધું. પેલા ભાઈ જેમને હાર્ટ એટેક જેવું થયું હતું, તે સૌથી પહેલા ઉભા થયા. હું તૈયાર છું, મારા પાપનું પ્રાયશ્ચિત કરવાનો આ જ મોકો છે. બધા યુવાન મુસાફરો નીચે ઉતર્યા. ઘૂંટણ સમા પાણીમાં ઉતરીને તેમણે બસને ધક્કો મારવાનું શરૂ કર્યું. સીતાબેન પોતે પણ સાડી ઊંચી કરીને પાણીમાં ઉતર્યા અને ધક્કો મારવા લાગ્યા. વરસાદ અને પવનના જોર સામે માનવતાનો ધક્કો ભારે પડી રહ્યો હતો. ધીરે ધીરે... ખૂબ જ ધીરે ધીરે બસ ખસવા લાગી.

જોર લગા કે... હૈયા, ના નારા સાથે આખી બસ એક તાંતણે બંધાઈ ગઈ હતી. અંતે, કલાકોની મહેનત પછી બસ પુલના સુરક્ષિત છેડે પહોંચી ગઈ. સાવંતભાઈએ ફરી પ્રયત્ન કર્યો અને ચમત્કારિક રીતે એન્જિન ચાલુ થઈ ગયું. આખી બસમાં હર્ષનાદ છવાઈ ગયો. પરંતુ, મુશ્કેલી હજુ પૂરી થઈ નહોતી. અમદાવાદ હજુ ૧૦ કિલોમીટર દૂર હતું અને હોસ્પિટલ પહોંચવાનો સમય પૂરો થવા આવ્યો હતો. ફકીર દાદાએ ઘડિયાળ સામે જોયું, તેમની પાસે માત્ર ૨૦ મિનિટ હતી. સીતાબેને ડ્રાઈવરને કહ્યું, સાવંતભાઈ, આજે બસ નહીં, વિમાન દોડાવો. આ દાદાની પૌત્રી આપણી રાહ જુએ છે. બસ અમદાવાદની ગલીઓમાં ચીસ પાડતી દોડવા લાગી. રસ્તામાં આવતા ટ્રાફિકને જોઈને મુસાફરો બારીમાંથી બહાર નીકળીને રસ્તો સાફ કરાવતા હતા. જાણે આખી બસ એક એમ્બ્યુલન્સ બની ગઈ હતી. છેવટે, હોસ્પિટલનો દરવાજો દેખાયો. બસ ઉભી રહી એ પહેલા જ ફકીર દાદા ઉતરવા ગયા, પણ અશક્તિને કારણે તે લથડી પડ્યા. સીતાબેને તેમને પકડી લીધા. દાદા, અમે પણ તમારી સાથે આવીએ છીએ. આખી બસના મુસાફરો અને કંડક્ટર સીતાબેન ફકીર દાદાની પાછળ હોસ્પિટલના કોરિડોરમાં દોડ્યા. આઈસીયુ પાસે પહોંચતા જ સામેથી ડોક્ટર બહાર આવ્યા. ડોક્ટરના ચહેરા ઉપરના હાવભાવ જોઈને ફકીર દાદાના હૃદયના ધબકારા વધી ગયા. ફકીરે ધ્રૂજતા અવાજે પૂછ્યું. ડોક્ટર... મારી પરી? ડોક્ટરે ફકીર સામે જોયું અને પછી તેમની પાછળ ઉભેલા ભીંજાયેલા મુસાફરો સામે. હોસ્પિટલના એ સન્નાટામાં જે સમાચાર મળવાના હતા, તે કોઈના પણ કાળજા ચીરી નાખવા માટે પૂરતા હતા. હોસ્પિટલના એ લાંબા કોરિડોરમાં શ્વાસ થંભાવી દે તેવી શાંતિ હતી. ફકીર દાદાના ચહેરા પર ભય અને આશાનું મિશ્રણ હતું. ડોક્ટરે નજીક આવીને ફકીર દાદાના ખભે હાથ મૂક્યો. આખી બસના મુસાફરો, જેઓ પરસેવે અને વરસાદથી રેબઝેબ હતા, તેઓ ડોક્ટરના હોઠ ફફડવાની રાહ જોઈ રહ્યા હતા. ડોક્ટરના ચહેરા પર ધીમું સ્મિત આવ્યું. ડો. ઈશ્વરલાલ, તમે આવી ગયા? તમારી પૌત્રી પરીએ હમણાં જ આંખો ખોલી છે. તે માત્ર તમારું નામ જ રટતી હતી. એની હાલત નાજુક હતી, પણ અત્યારે તે જોખમની બહાર છે. આ ખરેખર કોઈ ચમત્કારથી ઓછું નથી. આ સાંભળતા જ ફકીર દાદા ત્યાં જ જમીન પર ઢસડાઈ પડ્યા અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. પણ આ વખતે આ આંસુ લાચારીના નહીં, પણ આનંદના હતા. સીતાબેનની આંખો પણ ભીની થઈ ગઈ. બસના દરેક મુસાફરની આંખમાં ખુશીના આંસુ હતા. પેલા ભાઈ, જેમને દાદાએ બસમાં બચાવ્યા હતા, તેઓ દોડીને દાદા પાસે ગયા અને તેમના પગ પકડી લીધા. દાદા, મને માફ કરી દો. મેં તમને ઓળખવામાં ભૂલ કરી હતી. તમે તો દેવદૂત છો, તે ભાઈ રડતા રડતા બોલ્યા. સીતાબેન આગળ આવ્યા અને ફકીર

દાદાને ઉભા કર્યા. દાદાએ સીતાબેનનો હાથ પકડીને કહ્યું, બેટા, જો આજે તેં મને ટિકિટ ન આપી હોત અને આ મુસાફરોએ બસને ધક્કો ન માર્યો હોત, તો હું કદાચ મારી પરીનું મોઢું પણ ન જોઈ શક્યો હોત. તમારી આ માનવતાએ જ મારી પરીનો જીવ બચાવ્યો છે. થોડી વાર પછી, બધા મુસાફરો આઈસીયુના કાચની બહાર ઉભા રહ્યા. અંદર નાની પરીના હાથમાં ગ્લુકોઝની નળીઓ હતી, પણ દાદાને જોતા જ તેના સુકાયેલા હોઠ પર એક સ્મિત આવી ગયું. દાદાએ કાચ પર હાથ મૂક્યો અને પરીએ અંદરથી પોતાનો નાનકડો હાથ ત્યાં ટેકવ્યો. એ દ્રશ્ય જોઈને હોસ્પિટલનો સ્ટાફ પણ ભાવુક થઈ ગયો.

સીતાબેને પોતાની બેગમાંથી ટિકિટનું એ બંડલ કાઢ્યું અને મનોમન ઈશ્વરનો આભાર માન્યો. તેમને આજે સમજાયું કે ખાખી વર્દી પહેરીને માત્ર ટિકિટ કાપવી એ જ એમની ફરજ નથી, પણ કોઈની ડૂબતી આશાને તરાવવી એ પણ એમનું જ કામ છે. જ્યારે બસ પાછી વળવા માટે નીકળી, ત્યારે મુસાફરોએ ફાળો ઉઘરાવીને એક મોટી રકમ ભેગી કરી અને ડોક્ટર દાદાને પરાણે આપી, જેથી પરીની આગળની સારવારમાં કોઈ અડચણ ન આવે. સાવંતભાઈએ હોર્ન વગાડ્યો અને બસ બસ સ્ટેન્ડ તરફ રવાના થઈ. રસ્તો એ જ હતો, બસ પણ એ જ હતી, પણ તેમાં બેઠેલા દરેક માણસનું હૃદય આજે બદલાઈ ગયું હતું.

આ વાર્તા આપણને શીખવે છે કે માણસ તેના કપડાં કે ગરીબીથી નહીં, પણ તેના સંસ્કાર અને જ્ઞાનથી મોટો હોય છે. માનવતા એ જ સૌથી મોટો ધર્મ છે, અને જ્યારે બધા હળીમળીને એકબીજાની મદદ કરે છે, ત્યારે કુદરત પણ રસ્તો કરી આપે છે.

**– રાજેશ જીંજવાડિયા, જૂનાગઢ**

---

## મનનું પોટલું

દેવજીભાઈએ સવારના ચાર વાગ્યાનો એલાર્મ વાગે તે પહેલાં જ આંખ ખોલી નાખી હતી. આજે તેમનો 'મહાનિષ્ક્રમણ'નો દિવસ હતો. વર્ષોથી લોખંડના વેપારમાં રાત-દિવસ એક કરનાર દેવજીભાઈએ નક્કી કર્યું હતું કે હવે બહુ થયું. દીકરાઓ ધંધો સંભાળી રહ્યા હતા, વહુઓ ઘર સાચવતી હતી, અને પૌત્રો પોતપોતાની દુનિયામાં મસ્ત હતા. તેમને લાગ્યું કે હવે મારો અહીં કોઈ ઉપયોગ નથી.

તેમણે એક નાની ચામડાની બેગ તૈયાર કરી. તેમાં માત્ર બે જોડ કપડાં, એક લોટો અને ભગવદ ગીતાની એક નાની ચોપડી હતી.

જ્યારે તેઓ ઘરના મુખ્ય દરવાજે પહોંચ્યા, ત્યારે તેમનો પગ અટક્યો. આ ઘરનો ઉંબરો તેમણે પચાસ વર્ષ પહેલાં બનાવ્યો હતો. જે ઘરની એક-એક ઈંટમાં તેમનો પરસેવો હતો, તેને છોડતી વખતે અચાનક હૃદયમાં એક અજીબ ભાર લાગ્યો. પણ તેમણે મન મક્કમ કર્યું, "ના, મારે મોક્ષ જોઈએ છે, મારે આ મોહમાયા છોડવી જ પડશે."

રેલ્વે સ્ટેશન જતી વખતે રસ્તામાં ગામની ભાગોળે એક જૂના પીપળાના ઝાડ નીચે 'દાદુ ફકીર' બેસતા. આખું ગામ તેમને પાગલ ગણતું, પણ દેવજીભાઈને તેમની વાતોમાં હંમેશા કંઈક ગહન લાગતું.

દેવજીભાઈએ ત્યાં જઈને પ્રણામ કર્યા અને કહ્યું, "દાદુ, આજે આ સંસાર છોડીને શાંતિની શોધમાં નીકળ્યો છું. આશીર્વાદ આપો કે પરમાત્મા મળી જાય."

દાદુએ પોતાની ધૂણીમાંથી રાખ ઉડાડી અને ખડખડાટ હસ્યા. "અરે દેવજી! સામાન તો તેં હાથમાં પકડ્યો છે, પણ તારી પીઠ પર જે પોટલું છે એનું શું?"

દેવજીભાઈ આજુબાજુ જોવા લાગ્યા, "બાપુ, મારી પીઠ પર તો કંઈ નથી!"

દાદુએ ગંભીર થઈને કહ્યું, "તારી પીઠ પર તારા અહંકારનું પોટલું છે કે 'મેં આ ઘર બનાવ્યું', તારા મનમાં પેલા પાડોશી મગન પ્રત્યેનો ત્રીસ વર્ષ જૂનો ગુસ્સો છે, અને તારી આંખમાં તેં તારા નાના પૌત્રને કાલે રાત્રે વઢ્યો હતો એનો અફસોસ છે. આટલા વજન સાથે તું હિમાલય ચડી શકીશ?"

દેવજીભાઈ સ્તબ્ધ થઈ ગયા. તેમને સમજાયું કે તેઓ શરીરને તો ઘરની બહાર લઈ આવ્યા હતા, પણ આખું ઘર અને તેની સમસ્યાઓ મનમાં લઈને ચાલતા હતા.

તેમણે પૂછ્યું, "તો મારે શું કરવું જોઈએ ?"

દાદુ બોલ્યા, "મોક્ષ કોઈ પહાડની ટોચ પર નથી બેઠો. મોક્ષ તો તારા હૃદયના ખાલીપામાં છે. જા, જેની જેની સાથે તારું મન અટક્યું છે, ત્યાં જઈને હિસાબ પૂરો કર. પૈસાનો નહીં, પ્રેમનો હિસાબ."

"હું મોક્ષ શોધવા નીકળ્યો ને થાકીને ઘરે પાછો વળ્યો, ખબર નહોતી કે રસ્તો ખુદના જ અહંકારમાં અટક્યો હતો."

દેવજીભાઈ સ્ટેશન જવાને બદલે પાછા વળ્યા.

પહેલું સ્ટેપ:

તેઓ સીધા પાડોશી મગનભાઈના ઘરે ગયા, જેની સાથે વર્ષોથી બોલચાલ બંધ હતી. દેવજીભાઈએ જઈને માત્ર એટલું કહ્યું, "મગન, જૂની વાતો ભૂલી જઈએ? મારે હળવા થવું છે." બંને મિત્રો ગળે મળીને રડી પડ્યા.

બીજું સ્ટેપ:

ઘરે જઈને તેમણે પોતાના પૌત્રને પાસે બોલાવ્યો અને તેને વઢવા બદલ માફી માંગીને તેને એક ચોકલેટ આપી. બાળકની મુસ્કાન જોઈને દેવજીભાઈને જે સુકૂન મળ્યું, તે કોઈ મંદિરમાં નહોતું મળ્યું.

ત્રીજું સ્ટેપ:

તેમણે દીકરાઓને બોલાવીને કહ્યું, "આ ઘર હવે તમારું છે, મારે માત્ર એક ખૂણો જોઈએ છે જ્યાં હું બેસીને તમારી પ્રગતિ જોઈ શકું."

તે દિવસે દેવજીભાઈને રાત્રે એવી ઊંઘ આવી જેવી છેલ્લા વીસ વર્ષમાં નહોતી આવી. તેમને સમજાયું કે ત્યાગ એ ઘર છોડવામાં નથી, પણ મનમાંથી પકડ છોડવામાં છે.

"દીવાલો છોડવાથી ક્યાં કોઈ સન્યાસી થઈ જવાય છે? મુક્તિ તો ત્યારે મળે, જ્યારે મનમાંથી 'મારું-તારું' વહી જાય છે.

અમદાવાદની ગુલાબી ઠંડીમાં હજુ સૂરજ પૂરો ઊગ્યો નહોતો, પણ પ્રીતિના રસોડામાં પિત્તળના વાસણોનો મધુર રણકાર શરૂ થઈ ગયો હતો. ગેસ પર ઉકળતી આદુ–ફુદીનાની ચાની સોડમ આખા ઘરમાં પ્રસરી રહી હતી. પ્રીતિના કાચની બંગડીઓનો ખણખણાટ તેના નિત્યક્રમની સાક્ષી પૂરતો હતો.

એટલામાં જયેશ રસોડાના ઉંબરે આવીને ઊભો રહ્યો. આંખોમાં ઊંઘના અવશેષો હતા, પણ મન કોઈ ગહન વિચારમાં હોય તેમ લાગતું હતું. તેણે પરંપરાગત રીતે કોઈ અભિવાદન ન કર્યું, પણ હવામાં પ્રસરેલી સુગંધને માણીને પૂછ્યું, "આજે આદુ અને લીલી ચા જરા વધુ નાખી છે ?"

પ્રીતિએ સ્ટીલના કપમાં ગરમાગરમ ચા ગાળતા સ્મિત સાથે કહ્યું, "તમારે આજે બહુ મોટી મીટિંગ છે ને, એટલે મગજને તાજગી મળે એ માટે ખાસ બનાવી છે."

ગુજરાતી સંસારની આ જ ખાસિયત છે, અહીં પ્રેમ હંમેશા શબ્દો દ્વારા વ્યક્ત નથી થતો; તે ક્યારેક થેપલામાં, તો ક્યારેક પત્નીની પસંદ નાપસંદના ઝીણવટભર્યા ખ્યાલમાં છુપાયેલો હોય છે.

જયેશ વેપારી માણસ હતો, એનું મગજ હંમેશા હિસાબ કિતાબ અને ટેક્સમાં પરોવાયેલું રહેતું. બહારથી જોનારને લાગે કે એ કેટલો રુખો છે, પણ પ્રીતિ એની અસલીયિત જાણતી હતી. રાત્રે બે વાગ્યે પ્રીતિને ઠંડી ન લાગે એટલે ચૂપચાપ પંખો ધીમો કરી દેવો, કે છેલ્લી જલેબી 'મારું પેટ ભરાઈ ગયું છે' કહીને પ્રીતિ માટે છોડી દેવી આ જ એનો પ્રેમ હતો.

"બા સાથે વાત થઈ? રાજકોટમાં વરસાદ બહુ છે," જયેશે ચાનો ઘૂંટડો લેતા પૂછ્યું.

"હા, બા કહેતા હતા કે ધાબું થોડું ટપકે છે."

જયેશે તરત જ રસ્તો કાઢ્યો, "બા ને કહી દેજે, આવતા અઠવાડિયે ગાડી મોકલીશ. અહીં લઈ આવીએ, ત્યાં પલળવાની જરૂર નથી." પ્રીતિના ચહેરા પર સ્મિત આવી ગયું. જયેશનો પ્રેમ વ્યક્ત કરવાની આ જ રીત હતી: સીધી અને વ્યવહારુ.

રાત્રે જમતી વખતે ટેબલ પર દાળનો વઘાર અને હિંગની સોડમ ફેલાયેલી હતી. આખો દિવસ જે પણ તણાવ રહ્યો હોય, પણ રાતનું ભોજન તો સાથે જ હોય.

"પ્રીતિ, આજે દાળમાં મીઠું થોડું ઓછું લાગે છે, કેમ?" જયેશે મજાક કરતા પૂછ્યું.

પ્રીતિએ તરત જ વળતો જવાબ આપ્યો, તો પછી કાલે સેઠ પોતે રસોઈમાં ઉતરશે ? મારે પણ જોવું છે કે તમારા હાથનો સ્વાદ કેવો છે ! બંને ખડખડાટ હસી પડ્યા. આ મીઠી તકરાર જ તો એમના જીવનનો અસલી મસાલો હતો.

જમ્યા પછી જ્યારે પ્રીતિ વાસણ સમેટી રહી હતી, ત્યારે જયેશે ખિસ્સામાંથી એક નાની કાગળની પડીકી કાઢી. અંદર તાજા મોગરાના ગજરા હતા.

ચોક પર ટ્રાફિકમાં ઊભો હતો ને, સુગંધ બહુ સરસ આવતી હતી એટલે લીધા, જયેશે જાણે કઈ મોટી વાત ન હોય તેમ કહ્યું.

પ્રીતિએ મોગરો માથામાં નાખ્યો અને આખું ઘર મહેકી ઉઠ્યું પરંતુ જયેશના ચહેરા પર

એક અજીબ ગંભીરતા હતી. તે રાત્રે હિંચકા પર બેઠા બેઠા જયેશ લાંબા સમય સુધી આકાશ તરફ જોતો રહ્યો. પ્રીતિ સમજી ગઈ કે કંઈક અજુગતું છે.

જયેશ, મીટિંગમાં કંઈ થયું છે? તમે આજે ખોવાયેલા લાગો છો, પ્રીતિએ ધીમેથી તેનો હાથ પકડ્યો.

જયેશે એક ઊંડો શ્વાસ લીધો અને ધ્રૂજતા અવાજે કહ્યું, પ્રીતિ, ધંધામાં મોટું નુકસાન થયું છે. મેં જે નવો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો એ અટકી ગયો છે. કદાચ આપણે આ મોટું ઘર અને ગાડી બધું જ જતું કરવું પડે.

એક ક્ષણ માટે સન્નાટો છવાઈ ગયો. જે પ્રીતિ હંમેશા હસતી રહેતી હતી, તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. પણ એ આંસુ હારના નહોતા. તેણે જયેશનો હાથ વધુ જોરથી પકડ્યો.

તમે તો ગભરાઈ ગયા ? અરે, આપણે જ્યારે લગ્ન કરીને આ શહેરમાં આવ્યા હતા ત્યારે આપણી પાસે શું હતું ? એક નાની ખોલ, થોડાક રોકડા અને એક સાયકલ જ ને ? એમાંથી જો આપણે આટલું ઊભું કરી શક્તા હોઈએ, તો ફરીથી શૂન્યમાંથી સર્જન કરવાની તાકાત પણ આપણામાં છે.

પ્રીતિ આગળ બોલી, જયેશ, ગુજરાતી માણસ લક્ષ્મીથી નહીં, પણ એના મનોબળથી ઓળખાય છે. જ્યાં સુધી આપણે સાથે છીએ, ત્યાં સુધી કોઈ નુકસાન આપણને તોડી નહીં શકે. કાલથી હું પણ મારું ઘરેથી કપડાં વેચવાનું કામ ફરી શરૂ કરીશ, આપણે બંને મળીને આ ગાડી પાટા પર લાવી દઈશું.

જયેશની આંખોમાં આશ્ચર્ય અને ગર્વ હતો. જે પત્નીને તે માત્ર 'ઘરની લક્ષ્મી' ગણતો હતો, તે આજે તેની સૌથી મોટી 'શક્તિ' બનીને ઊભી હતી. તેની ચિંતાનો બોજ અડધો થઈ ગયો.

એ રાત્રે કોઈ વૈભવી ભોજન કે એ.સી.ની ઠંડક મહત્વની નહોતી. મોગરાની સુગંધ હજુ પણ હવામાં હતી, પણ હવે એ સુગંધમાં એક નવો આત્મવિશ્વાસ હતો.

જયેશે મૃદુ અવાજે કહ્યું, મને લાગતું હતું કે હું તને સુખ નથી આપી શક્યો, પણ આજે સમજાયું કે તારો સાથ જ મારું સૌથી મોટું સુખ છે.

પ્રીતિએ હસીને કહ્યું, ચલો હવે, બહુ લાગણીશીલ ન થાઓ ! કાલે સવારે વહેલા ઉઠીને નવેસરથી શરૂઆત કરવાની છે. અને હા, કાલે ચામાં આદુ થોડું વધારે નાખીશ, લડવા માટે તાકાત તો જોઈશે ને ?

અંધારામાં પણ એ બંનેના ચહેરા પર એક એવી ચમક હતી જે કોઈ પણ હીરા-ઝવેરાત કરતાં વધુ કિંમતી હતી.

આ સાલી જીંદગી પ્રીતિ અને જયેશની આ વાર્તા એ વાતની સાક્ષી પૂરે છે કે જ્યારે પતિ-પત્ની એકબીજાના પૂરક બને છે, ત્યારે જીવનના ગમે તેવા તોફાન સામે પણ ઘરનો દીવો ક્યારેય બુઝાતો નથી.

લાકડીના ટેકે ચાલનારા વૃદ્ધ પુરુષોનું એક જૂથ એક ઘરમાં પ્રવેશ્યું અને એક અઠવાડિયા પછી તેઓ દોડતા બહાર આવ્યા !

ન કોઈ દવા, ન કોઈ સર્જરી.

માત્ર તેમના મગજની એક નાનકડી સ્વીચ 'ઓન' કરવાને કારણે.

કેવી રીતે ?

આ ઘટના ૧૯૭૯ની છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના એક અત્યંત બુદ્ધિશાળી મનોવિજ્ઞાની – ડો. એલેન લેંગર – એ કંઈક અદ્ભુત કરવાનો નિર્ણય લીધો. તેમને 'ટાઈમ ટ્રાવેલ' કરવું હતું, પણ કોઈ મશીન વગર.

તેમણે લગભગ ૮૦ વર્ષની ઉંમરના આઠ વૃદ્ધ પુરુષોને પસંદ કર્યા. કેટલાક લાકડી વગર ચાલી શકતા નહોતા, કેટલાકના હાથ ધ્રૂજતા હતા, કોઈને મોતિયો હતો, તો કોઈને પોતાનું નામ પણ બરાબર યાદ નહોતું.

તેમના સંતાનોને લાગ્યું કે તેમના પિતાને વૃદ્ધાશ્રમમાં મોકલવામાં આવી રહ્યા છે.

પણ તેમને એ ખબર નહોતી કે તેમના પિતાને ૧૯૫૯માં મોકલવામાં આવી રહ્યા હતા !

ના, કોઈ જાદુઈ દુનિયા નહોતી.

ડો. લેંગરે બોસ્ટનના એક જૂના મઠને પૂરેપૂરો ૧૯૫૯ની શૈલીમાં સજાવ્યો હતો. ત્યાં ૧૯૭૯નું કોઈ નામોનિશાન નહોતું. ટીવી બ્લેક એન્ડ વ્હાઇટ હતું, જેના પર ૧૯૫૯ના સમાચાર અને Ed Sullivan Show ચાલતા હતા. રેડિયો પર તે સમયના ગીતો વાગતા હતા. મેગેઝિન, સમાચારપત્રો બધું જ વીસ વર્ષ જૂનું !

હવે વાર્તામાં પહેલો આંચકો તે આઠ વૃદ્ધો ત્યાં પહોંચ્યા ત્યારે તેમને લાગ્યું કે કોઈ આવીને તેમનો સામાન રૂમમાં મૂકી જશે જેમ તેમના ઘરે થતું હતું.

પણ ડો. લેંગરે મક્કમતાથી કહ્યું, અહીં તમારી કોઈ મદદ નહીં કરે. તમારે તમારી બેગ જાતે જ ઉંચકીને લઈ જવી પડશે.

તેઓ ગુસ્સે થયા, ગણગણાટ કર્યો.

પણ કોઈ વિકલ્પ ન હોવાને કારણે ભારે સૂટકેસ લઈને સીડીઓ ચડ્યા અને ત્યાં જ તેમના મગજને પહેલો સંદેશ ગયો, "હું અસહાય નથી. હું આ કરી શકું છું."

એક જ શરત હતી આ એક અઠવાડિયા માટે તેમણે એવું જ વર્તવાનું હતું કે જાણે વર્ષ ૧૯૫૯ છે.

તેમણે ભૂતકાળ વિશે વાત નહોતી કરવાની, માત્ર વર્તમાનકાળમાં જ વાત કરવાની હતી.

દા.ત. "અત્યારે રાષ્ટ્રપતિ આઈઝનહોવર શું કરી રહ્યા છે ?"

અથવા "હવાનામાં કાસ્ટ્રો શું કરી રહ્યા છે ?"

તે સમયનું રાજકારણ, રમતગમત, ફિલ્મો બધા પર એવી રીતે ચર્ચા કરવાની હતી જાણે તેઓ હજુ પણ ત્યાં જ જીવી રહ્યા હોય.

જે ઉંમરે તેમનામાં જે ઉર્જા હતી. ૫૫-૬૦ વર્ષની તે જ ઉર્જા સાથે વાત કરવાની હતી.

પહેલા બે દિવસ ખૂબ અઘરા ગયા.

પણ ત્રીજા દિવસથી એક વિચિત્ર જાદુ શરૂ થયો.

સંધિવાને કારણે સીધા બેસી ન શકતો માણસ હવે જમવાના ટેબલ પર ટટ્ટાર બેસીને રાજકારણ પર દલીલો કરતો હતો.

જેને બરાબર સંભળાતું નહોતું, તે રેડિયોનો અવાજ ધીમો કરીને ગીતો સાંભળતો હતો.

તે આખું વાતાવરણ જ તેમને કહી રહ્યું હતું, "તમે વૃદ્ધ નથી તમે હજુ પણ મજબૂત અને મધ્યમવયના છો."

સૌથી મોટો આંચકો અઠવાડિયાના છેલ્લા દિવસે લાગ્યો.

આશ્રમ સામેના મેદાનનું દ્રશ્ય જોઈને ડો. લેંગરને પોતાની આંખો પર વિશ્વાસ નહોતો આવતો. એક અઠવાડિયા પહેલા બસમાંથી ઉતરતી વખતે બીજાની મદદ લેનારા આ વૃદ્ધો હવે મેદાનમાં 'ટચ ફૂટબોલ' રમી રહ્યા હતા !

હા, ફૂટબોલ ! તેમને દોડતા જોઈને એવું લાગતું હતું જાણે તેમની ઉંમર ખરેખર ૨૦ વર્ષ ઓછી થઈ ગઈ હોય.

પ્રયોગના અંતે જ્યારે તેમની શારીરિક તપાસ કરવામાં આવી, ત્યારે ડોક્ટરો પણ દંગ રહી ગયા.

તેમની પકડ (grip strength) વધી હતી, સાંધાની લવચીક્તા સુધરી હતી, દ્રષ્ટિ અને શ્રવણશક્તિમાં પણ સુધારો થયો હતો !

ચશ્મા વગર નાના અક્ષરો વાંચી શકાતા હતા.

તેમનો IQ સ્કોર પણ વધ્યો હતો.

સૌથી રસપ્રદ વાત તો એ હતી કે, પ્રયોગ પહેલા અને પછીના ફોટા જ્યારે એવા લોકોને બતાવવામાં આવ્યા જેમને આ પ્રયોગ વિશે કંઈ જ ખબર નહોતી, ત્યારે તેમણે કહ્યું,

"પછીના ફોટામાં આ લોકો ઘણા યુવાન દેખાય છે!"

એટલે કે માત્ર તેમની લાગણી જ નહીં, પણ ચહેરા પરની કરચલીઓ પણ ઓછી થઈ ગઈ હતી.

જૈવિક રીતે પણ તેમની ઉંમર પાછળ ગઈ હતી !

ડો. એલેન લેંગરે સાબિત કર્યું કે જ્યારે આપણે પોતાને કહીએ છીએ—

“હું વૃદ્ધ થઈ ગયો છું, હવે મારાથી નહીં થાય”—

ત્યારે આપણું શરીર તેને સ્વીકારી લે છે અને ધીમે ધીમે કામ કરવાનું બંધ કરી દે છે.

આપણો સમાજ આપણને શીખવે છે કે વૃદ્ધાવસ્થા એટલે બીમારી.

અને આપણે એ જ સ્ક્રિપ્ટ ફોલો કરીએ છીએ.

પણ જ્યારે તે વૃદ્ધોનું વાતાવરણ બદલાયું અને તેમને એવો અહેસાસ કરાવવામાં આવ્યો કે તેઓ હજુ પણ યુવાન છે, ત્યારે તેમના શરીરે પણ તેવો જ પ્રતિસાદ આપ્યો.

આને જ કહેવાય છે “Mind–Body Connection” અથવા અંતિમ પ્લેસિબો ઈફેક્ટ !

તેથી મિત્રો, ક્યારેક તમે કહો છો – “મૂડ નથી, થાક લાગ્યો છે, મારાથી નહીં થાય.”

જરા વિચારો, ૮૦ વર્ષના લોકો માત્ર વિચાર બદલીને લાકડીઓ ફેંકી દે છે અને ફૂટબોલ રમે છે, તો તમે શું નથી કરી શકતા ?

તમારી મર્યાદાઓ શરીરમાં નથી, મનમાં છે.

જ્યારે તમે તમારી જાતને નબળા સમજો છો, ત્યારે તમે નબળા પડો છો.

અને જ્યારે તમે તમારી જાતને સુપરહીરો સમજો છો, ત્યારે મગજ શરીરને તેવો જ સિગ્નલ આપે છે.

ફોન બાજુ પર મૂકો, અરીસામાં જુઓ અને કહો – “હું બોસ છું. મારી ઉર્જાની કોઈ મર્યાદા નથી.”

મારા પર વિશ્વાસ કરો – તમારા શરીરને તે સાંભળવું જ પડશે.

શરૂઆત કરો. દુનિયા તમારી રાહ જોઈ રહી છે !

---

નિવૃત્તિ પછી સુખી અને સ્વસ્થ જીવન માટે આ ૩૬ ભલામણોની યાદી છે. આ એક પ્રતિષ્ઠિત કંપનીના HR વિભાગ દ્વારા પરિભ્રમણ કરવામાં આવી છે.

૦૧. એકલા મુસાફરી કરવાનું ટાળો.
૦૨. તમારા જીવનસાથી સાથે મુસાફરી કરો.
૦૩. પીક અવર્સ દરમિયાન બહાર જવાનું ટાળો.
૦૪. વધુ પડતી કસરત અથવા ચાલવાનું ટાળો.
૦૫. વધુ પડતું વાંચન, મોબાઇલનો ઉપયોગ અથવા ટીવી જોવાનું ટાળો.
૦૬. વધુ પડતી દવા ટાળો.
૦૭. સમયસર ડૉક્ટરની મુલાકાત લો અને નિયમિતપણે દવાઓ લો.
૦૮. નિવૃત્તિ પછી મિલકતના વ્યવહારો ટાળો.

૦૯. હંમેશા તમારા ID અને મહત્વપૂર્ણ ફોન નંબરો સાથે રાખો.
૧૦. ભૂતકાળ ભૂલી જાઓ અને ભવિષ્ય વિશે વધુ ચિંતા ન કરો.
૧૧. તમને જે અનુકૂળ આવે તે ખાઓ, અને ધીમે ધીમે ચાવો.
૧૨. બાથરૂમ અને શૌચાલયમાં સાવધાની રાખો.
૧૩. ધૂમ્રપાન અને દારૂ પીવાનું ટાળો, તે હાનિકારક છે.
૧૪. તમારી સિદ્ધિઓ વિશે બડાઈ ન મારશો.
૧૫. નિવૃત્તિ પછી થોડા વર્ષો માટે ખૂબ મુસાફરી કરો, પછી ભીડવાળી જગ્યાઓ ટાળો.
૧૬. તમારી મિલકત અને સંપત્તિની ચર્ચા અન્ય લોકો સાથે ન કરો.
૧૭. તમારી ક્ષમતા અને સ્વાસ્થ્ય અનુસાર કસરત કરો.
૧૮. જો તમને હાઈ બ્લડ પ્રેશર અથવા હૃદયની સમસ્યા હોય તો માથા પર ઊભા રહેવાનું અને કપાલભતી કરવાનું ટાળો.
૧૯. સકારાત્મક રહો અને વધુ પડતી લાગણીઓ ટાળો.
૨૦. ખાધા પછી તરત જ સૂશો નહીં
૨૧. બીજાને પૈસા ઉછીના ન આપો.
૨૨. આવનારી પેઢીને અનિચ્છનીય સલાહ આપવાનું ટાળો.
૨૩. બીજાના સમયનો આદર કરો.
૨૪. જો તમને જરૂર ન હોય તો વધુ કમાવવાનો પ્રયાસ કરશો નહીં
૨૫. રાત્રે સારી ઊંઘ લેવા માટે દિવસની ઊંઘ ટાળો.
૨૬. તમારી પોતાની જગ્યા રાખો અને બીજાની ગોપનીયતાનો આદર કરો.
૨૭. વસિયતનામા બનાવો અને તમારા જીવનસાથીની સલાહ લો.
૨૮. તમારી નિવૃત્તિ બચત આગામી પેઢીને આપવાનું ટાળો.
૨૯. વરિષ્ઠ નાગરિકોના જૂથમાં જોડાઓ, પરંતુ તકરાર ટાળો.
૩૦. જો તમને ઊંઘ ન આવે તો બીજાઓને ખલેલ પહોંચાડશો નહીં.
૩૧. ઝાડ પરથી ફૂલો તોડશો નહીં.
૩૨. રાજકારણની ચર્ચા કરવાનું ટાળો, કે અલગ અલગ મંતવ્યો સ્વીકારવાનું ટાળો.
૩૩. તમારા સ્વાસ્થ્ય વિશે સતત ફરિયાદ ન કરો.
૩૪. તમારા જીવનસાથી સાથે ઝઘડો કરવાનું ટાળો, તેઓ તમારો પ્રાથમિક આધાર છે.
૩૫. આધ્યાત્મિક કાર્યક્રમોમાં હાજરી આપો, પરંતુ આંધળા અનુયાયી ન બનો.
૩૬. સ્મિત સાથે તણાવમુક્ત જીવન જીવો.

આ પોસ્ટ નેશનલ સિનિયર સિટીઝન્સ વેલ્ફેર એસોસિએશન ઓફ ઇન્ડિયા દ્વારા શેર કરવામાં આવી છે તે દરેક માટે ખૂબ ઉપયોગી છે. કૃપા કરીને વાંચો અને સમજવાનો અને અનુસરવાનો પ્રયાસ કરો.

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810